For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### સ્થાનિક સ્વરાજ્યની જંગ માટે ભાજપ-કોંગ્રેસે કમર કસી

# વડોદરામાં કોંગ્રેસની 'સેન્સ' પ્રક્રિયાનો પ્રારંભ, તો 'કમલમ' ખાતે ભાજપની રણનીતિ બેઠક

( પ્રતિનિધિ ) વડોદરા,તા.17

ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો જંગ જામી રહ્યો છે, ત્યારે રાજ્યના બંને મુખ્ય રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસે વિજય મેળવવા માટે એડીચોટીનું જોર લગાવવાનું શરૂ કરી દીધું છે. એકતરફ વડોદરા શહેર કોંગ્રેસ દ્વારા 19 વોર્ડમાં મજબૂત અને લોકપ્રિય ઉમેદવારોની શોધ માટે 'સેન્સ' પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે, જેમાં 248થી વધુ દાવેદારોએ પોતાની દાવેદારી નોંધાવી કાર્યકરોમાં નવો પ્રાણ ફૂંક્યો છે. બીજી તરફ, શાસક પક્ષ ભાજપ દ્વારા 18 માર્ચે ગાંધીનગર સ્થિત 'કમલમ' ખાતે પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં હાઈપ્રોફાઈલ બેઠક બોલાવવામાં આવી છે. ભાજપે આ વખતે 'રિપોર્ટ કાર્ડ' અને 'સેવા'ના મંત્ર સાથે 365 દિવસના સંગઠનાત્મક કાર્યને જોરે જનતા વચ્ચે જવાની વ્યૂહરચના ઘડી છે. કોંગ્રેસ જ્યાં સ્થાનિક ઉમેદવારોની ક્ષમતા ચકાસીને મેદાનમાં ઉતારવાની તૈયારીમાં છે, ત્યાં ભાજપે જિલ્લા અને મહાનગર સ્તરે ચૂંટણી સંચાલન સમિતિઓની રચના કરી જનસંપર્ક અભિયાનને વધુ વેગવંતું બનાવ્યું છે. આમ, ઉમેદવારોની પસંદગી અને સંગઠનની સજ્જતા સાથે બંને પક્ષોએ ચૂંટણી જીતવા માટે શતરંજની બિછાત બિછાવી દીધી છે.

### રિપોર્ટ કાર્ડ આધારિત પ્રચાર અને સેવા આધારિત રાજકારણ પર ભાર

## સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી માટે ભાજપની તડામાર તૈયારી શરૂ

**પ્રદેશ સ્તરે** સંગઠનની ચુસ્ત તૈયારી, નેતાઓ અને કાર્યકરોની ઉપસ્થિતિ રહેશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.17

ગુજરાત પ્રદેશ ભાજપા દ્વારા આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને સંગઠનાત્મક તૈયારીઓ તેજ બનાવવામાં આવી છે. આ અનુસંધાને 18 માર્ચે બપોરે 1:00 વાગ્યે ગાંધીનગરના કોબા સ્થિત પ્રદેશ કાર્યાલય 'કમલમ' ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાશે. પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં યોજાનારી આ બેઠકમાં પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી, વિવિધ મોરચાના પ્રમુખો, મહામંત્રીઓ, જિલ્લા અને મહાનગરના પ્રભારી, પ્રમુખો તેમજ ચૂંટણી સંચાલન સમિતિના સભ્યો હાજર રહેશે. બેઠકમાં ચૂંટણીની વ્યૂહરચના, પ્રચાર કાર્યક્રમો અને સંચાલન અંગે વિસ્તૃત ચર્ચા થવાની શક્યતા છે.

પાર્ટીના મુખ્ય પ્રવક્તા ડૉ. અનિલ પટેલે જણાવ્યું કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ભાજપાએ રાજ્ય સ્તરે આઠ સભ્યોની અને જિલ્લા તથા મહાનગર સ્તરે ચાર સભ્યોની ચૂંટણી સંચાલન સમિતિ રચી છે. ભાજપા દ્વારા પ્રવાસ, ગ્રુપ મીટિંગ, જાહેરસભાઓ તેમજ પ્રબુદ્ધ નાગરિકો, મહિલાઓ, યુવાનો અને ખેડૂતો સાથે સંવાદ દ્વારા વ્યાપક જનસંપર્ક અભિયાન હાથ ધરાશે. તેમણે જણાવ્યું કે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળ સરકારની કામગીરી અને ચૂંટાયેલા પ્રતિનિધિઓના રિપોર્ટ કાર્ડના આધારે ભાજપા જનતા વચ્ચે જશે.

ડૉ. પટેલે ભારપૂર્વક કહ્યું કે ભાજપા 365 દિવસ કાર્ય કરતી પાર્ટી છે અને 'હર ઘર સુધી સેવા' પહોંચાડવાનો મંત્ર લઈને કાર્યરત છે. તેમણે દાવો કર્યો કે ગત ચૂંટણીમાં રાજ્યની જનતાએ મોટા પ્રમાણમાં ભાજપાને સમર્થન આપ્યું હતું અને આવનારી ચૂંટણીમાં પણ ભાજપા વધુ મજબૂત જનસમર્થન મેળવે તેવી આશા વ્યક્ત કરી. સાથે જ તેમણે વિરોધ પક્ષ કોંગ્રેસ પર આક્ષેપ કરતાં જણાવ્યું કે તેમના પાસે કોઈ સ્પષ્ટ મુદ્દા કે સુવ્યવસ્થિત આયોજન નથી, જેના કારણે જનતા તેમના પર વિશ્વાસ વ્યક્ત કરતી નથી.

વડોદરા પ્રમુખના જણાવ્યા અનુસાર વડોદરા શહેરની તમામ બેઠકો પર ભવ્ય વિજય મેળવવા માટે પહેલાથી કાર્યકર્તાઓ અને પૂર્વ કાઉન્સીલરોને મંત્ર આપ્યો છે જેની માટે તમામ કાર્યકરોએ કમર કસી છે.

### વડોદરા કોંગ્રેસમાં ચૂંટણીનો ગરમાવો

## 248થી વધુ દાવેદારો મેદાનમાં, બે દિવસીય 'સેન્સ' પ્રક્રિયાનો પ્રારંભ

**નિરીક્ષકોની** હાજરીમાં દાવેદારોના ઇન્ટરવ્યુ લેવાયા; બીજા દિવસે પણ પ્રક્રિયા જારી રહેશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.17

આગામી સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે ત્યારે વડોદરા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ઉમેદવારોની પસંદગી માટેની કવાયત તેજ કરવામાં આવી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાના આદેશ અનુસાર, બુધવારે શહેરના દાંડિયા બજાર સ્થિત મુખ્ય કાર્યાલય ખાતે મજબૂત ઉમેદવારોની પસંદગી માટે 'સેન્સ' પ્રક્રિયા એટલે કે વ્યક્તિગત ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું.

વડોદરા શહેરના 19 વોર્ડમાં ચૂંટણી લડવા માંગતા 248થી વધુ દાવેદારોએ પોતાની દાવેદારી નોંધાવતા પક્ષમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ પ્રક્રિયા વડોદરા શહેર કોંગ્રેસના પ્રભારી બિમલભાઈ શાહ અને નીરવભાઈ બક્ષીની સીધી દેખરેખ હેઠળ હાથ ધરવામાં આવી છે. મંગળવારથી શરૂ થયેલી આ પ્રક્રિયા સતત બે દિવસ સુધી ચાલશે.

જેમાં પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા વોર્ડ વાઈઝ નિમણૂક કરાયેલા પ્રભારીઓ દ્વારા દરેક દાવેદારની ક્ષમતા, તેમની સ્થાનિક લોકપ્રિયતા અને જનતા સાથેના જોડાણની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. સેન્સ પ્રક્રિયાના પ્રથમ દિવસે વિવિધ વોર્ડના કાર્યકરો અને અગ્રણીઓએ મોટી સંખ્યામાં ઉમટી પડી પોતાની દાવેદારી રજૂ કરી હતી. આ દરમિયાન નિરીક્ષકોએ દાવેદારોને પક્ષ પ્રત્યેની તેમની નિષ્ઠા, છેલ્લા પાંચ વર્ષમાં કરેલા જનહિતના કાર્યો અને વિસ્તારના મુખ્ય પ્રશ્નો અંગે સવાલો કર્યા હતા. પક્ષના સૂત્રોના જણાવ્યા અનુસાર, જે ઉમેદવાર સંગઠનમાં મજબૂત પકડ ધરાવતો હોય અને જેની લોકપ્રિયતા મતદારોમાં વધુ હોય તેને પ્રાધાન્ય આપવામાં આવશે. નોંધનીય છે કે, 19 વોર્ડની કુલ બેઠકો સામે 248થી વધુ કાર્યકરોએ દાવેદારી નોંધાવતા કોંગ્રેસમાં આંતરિક સ્પર્ધા જેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

જોકે, શહેર પ્રભારીઓએ સ્પષ્ટ કર્યું હતું કે તમામ પાસાઓની ચકાસણી કર્યા બાદ જ યોગ્ય અને લડાયક ઉમેદવારોના નામની યાદી પ્રદેશ હાઈકમાન્ડને સુપરત કરવામાં આવશે. બુધવારે બીજા દિવસે પણ બાકી રહેલા વોર્ડના દાવેદારોની સેન્સ લેવાની પ્રક્રિયા ચાલુ રહેશે, ત્યારબાદ અંતિમ પેનલ તૈયાર કરવામાં આવશે.

### વડોદરાના વિકાસ કામોમાં 'નો કોમ્પ્રોમાઈઝ'

## મ્યુનિ. કમિશનરની અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને કડક ચેતવણી

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા મહાનગરપાલિકાની વડી કચેરી ખાતે મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ રિવ્યુ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શહેરના ચાલી રહેલા વિકાસલક્ષી કામો, પ્રી-મોન્સૂન કામગીરી અને નાગરિકોની પાયાની સુવિધાઓ અંગે ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી. કમિશનરે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે કામની ગુણવત્તામાં કોઈ પણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં. 'વન ડે વન રોડ' અભિયાનની સમીક્ષા બેઠકમાં 'વન ડે વન રોડ' અભિયાન હેઠળ થયેલી કામગીરીનો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં દક્ષિણ ઝોનમાં 55, ઉત્તર ઝોનમાં 11, પશ્ચિમ ઝોનમાં 15 અને પૂર્વ ઝોનમાં 11 રોડ પર સફાઈ, ડિવાઈડર ક્લીનિંગ અને દબાણ હટાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. હવે કેટેગરી-A બાદ કેટેગરી-B ના રોડ પર આ કામગીરી શરૂ કરવામાં આવશે. વધતી ગરમી અને બોર્ડની પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને શહેરમાં પાણીની અછત ન સર્જાય તે માટે વોટર ડિપાર્ટમેન્ટને ખાસ સૂચના અપાઈ છે.

આ ઉપરાંત, ગરમીને કારણે ડેરી પ્રોડક્ટ્સ જેવી કે આઈસ્ક્રીમ, દૂધ અને પનીરમાં ભેળસેળ ન થાય તે માટે ફૂડ ડિપાર્ટમેન્ટને સઘન ચેકિંગ કરવા આદેશ અપાયા છે. ચોમાસા પહેલાની તૈયારીના ભાગરૂપે વોટર લોગિંગ થતા વિસ્તારોની ઓળખ કરી સફાઈ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. શહેરમાં ચાલી રહેલી ડ્રેનેજની કામગીરી માર્ચ-એપ્રિલ સુધીમાં પૂર્ણ કરવા તાકીદ કરવામાં આવી છે જેથી ચોમાસામાં નાગરિકોને મુશ્કેલી ન પડે.

### શહેરમાં 46 બિલ્ડીંગના 466 બ્લોકમાં 9284 વિદ્યાર્થી પરીક્ષા આપશે

## 29 માર્ચે ગુજકેટની પરીક્ષા, હોલ ટીકીટ ડાઉનલોડ કરાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.17

ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહ બાદ એન્જિનિયરિંગ અને ફાર્મસીમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે 29 માર્ચે ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ગુજકેટ લેવાશે. રાજ્યભરમાંથી વિજ્ઞાન પ્રવાહના ગ્રુપ A, B અને ગ્રુપ ABના કુલ સવા લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જ્યારે વડોદરમાંથી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ મળી કુલ 9284 વિદ્યાર્થીઓ ગુજકેટ આપશે. સોમવારે પરીક્ષાની હોલ ટીકીટ અપલોડ કરી દેવાઈ હતી. તમામ વિદ્યાર્થીઓએ હોલ ટિકિટ સાથે ફોટો આઈડી રાખવું પડશે. ગુજકેટ માટે વિદ્યાર્થીઓ ઓનલાઈન હોલ ટિકિટ ડાઉનલોડ કરવી પડશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ગુજકેટ 29 માર્ચે લેવાશે. જે માટે સોમવારે હોલ ટિકિટ અપલોડ કરવામાં આવી હતી. આ પરીક્ષા ત્રણ તબક્કામાં લેવાશે. જેમાં સવારે 10 વાગે પરીક્ષા શરૂ થશે જે સાંજે 5 વાગે પૂરી થશે. વર્ષ 2017થી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ તરીકે ગુજકેટ ફરજિયાત કરવાની જોગવાઈ દાખલ કરવામાં આવી છે. જેના પગલે વર્ષ 2026માં રાજ્યમાં ડિગ્રી એન્જિનિયરિંગ, ડિગ્રી ફાર્મસી તેમજ ડિપ્લોમા ફાર્મસી અભ્યાસમાં પ્રવેશ માટે સાયન્સ ગ્રુપના ગ્રુપ એ, ગ્રુપ બી અને ગ્રુપ એબીના વિદ્યાર્થીઓની ગુજકેટની પરીક્ષા 29 માર્ચે લેવાશે. વડોદરામાં 46 બિલ્ડીંગમાં 466 બ્લોકમાં પરીક્ષા યોજાશે. આ વખતે ગુજરાતી માધ્યમમાં 2656, હિન્દી માધ્યમમાં 54 અને અંગ્રેજી માધ્યમમાં 6574 એમ કુલ મળી 9284 વિદ્યાર્થીઓ ગુજકેટ આપશે.

### કોચિંગ સંસ્થાઓ માટે કડક નિયમો લાગુ કરાશે

## વિદ્યાર્થીઓ પર નખાતો વધારાનો શૈક્ષણિક બોજ દૂર કરવા તજવીજ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

કોચિંગ કલાસને લગતું બિલ વિધાનસભામાં રજૂ થવાનું હતું. પરંતુ હાલ આ બિલને પડતું મૂકી પહેલા વિગતવાર કડક ગાઈડ લાઈન તૈયાર કરવાની પ્રક્રિયા સરકાર દ્વારા શરૂ કરવામાં આવી છે. સરકાર દ્વારા બનાવવામાં આવનારી નવી પોલિસી હેઠળ કોચિંગ સંસ્થાઓ માટે અનેક કડક નિયમો લાગુ કરવામાં આવશે.

સરકાર દ્વારા નવી ગાઈડલાઈન મુજબ કોચિંગ ક્લાસ દ્વારા કરવામાં આવતી ભ્રામક જાહેરાતો પર રોક લગાવવામાં આવશે. આ ઉપરાંત સ્કૂલના સમય દરમિયાન કોચિંગ ક્લાસ ચલાવવા પર પણ પ્રતિબંધ મૂકવાની તૈયારી છે. જેથી વિદ્યાર્થીઓ પર વધારાનો શૈક્ષણિક ભાર ન પડે સરકાર ફી રિફંડને લઈને પણ સ્પષ્ટ નિયમ લાવવાની તૈયારીમાં છે. જેથી વિદ્યાર્થીઓ અથવા વાલીઓને અનાવશ્યક આર્થિક નુકસાન ન થાય આ ઉપરાંત વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને પણ ખાસ જોગવાઈ કરવામાં આવશે.

જો કોઈ કોચિંગ સત્તા આ નિયમોનું ઉલ્લંઘન કરશે, તો તેમના સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમાં રજીસ્ટ્રેશન રદ કરવાની જોગવાઈ પણ સામેલ રહેશે. સરકારનો દાવો છે કે, આ નવી પોલિસીથી કોચિંગ સંસ્થાઓમાં પારદર્શિતા વચ્ચે અને વિદ્યાર્થીઓને વધુ સુરક્ષિત અને સકારાત્મક શૈક્ષણિક વાતાવરણ મળશે. મહત્વની બાબત છે કે, વિદ્યાર્થીઓ પર વધતા અભ્યાસના દબાણ અને કોચિંગ સંસ્થાઓમાં વધતી ગેરવ્યવસ્થાને ધ્યાનમાં રાખીને સરકાર કડક નિયમો લાવવા તૈયારી કરી રહી છે.

## 31 માર્ચે SBI અને તિજોરી કચેરીઓ રાત્રે 12 સુધી ખુલ્લી રહેશે

(પ્રતિનિધિ) વડોદરા તા.17

નાણાકીય વર્ષ 2025-26ના અંતિમ દિવસે સરકારી બિલો અને ચેકોના વ્યવહારો સરળતાથી પૂર્ણ થઈ શકે તે માટે જિલ્લા કલેક્ટર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. તા.31 માર્ચ 2026ના રોજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ની માંડવી શાખા સહિત વડોદરા જિલ્લાની તમામ SBI શાખાઓ તેમજ સરકારી બીલો-ચેકોની લેવડદેવડ કરતી અન્ય બેંકોને રાત્રે 12 વાગ્યા સુધી કાર્યરત રાખવા સૂચના આપવામાં આવી છે.જિલ્લા તિજોરી કચેરી વડોદરા તથા તમામ પેટા તિજોરી કચેરીઓને પણ તા.31 માર્ચે મધરાત સુધી કામગીરી ચાલુ રાખવા આદેશ આપવામાં આવ્યો છે. આ નિર્ણય ગુજરાત તિજોરી નિયમ-2000ના નિયમ-305 હેઠળ લેવામાં આવ્યો છે, જેથી અંતિમ દિવસે મંજુર થયેલી ગ્રાન્ટ સમયસર ખર્ચાઈ શકે અને લેપ્સ થવાનો પ્રશ્ન ઉભો ન થાય.

### તાપમાન 36 ડીગ્રી પર સ્થિર

## આજથી વાતાવરણમાં પલટો આવવાની શક્યતા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.17

વડોદરા શહેરનું મહતમ તાપમાન 36.ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 22.2 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 83% અને સાંજે 20% નોંધાયું હતું. છેલ્લા થોડાક દિવસોમાં રાજ્યના વડોદરા સહિતના મોટાભાગના શહેરોમાં તાપમાન 41 ડિગ્રી સુધી પહોંચી જતા લોકો આકરી ગરમીથી પરેશાન થઈ ગયા હતા. જોકે હવે હવામાનમાં પલટો આવતાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જેના કારણે મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો 37 થી 38 ડિગ્રી સુધી પહોંચી ગયો છે. હજુ પણ બેથી ત્રણ ડિગ્રીના ઘટાડા સાથે હવામાન વિભાગ દ્વારા 18, 19 અને 20 માર્ચના રોજ કેટલાક જિલ્લાઓમાં કમોસમી વરસાદની આગાહી પણ કરી છે. જેથી ખેડૂતો હવે ચિંતામાં મુકાઈ ગયા છે. રાજ્યમાં સર્જાયેલી પ્રિ-મોન્સૂન એક્ટિવિટી અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. જેથી છેલ્લા કેટલાક દિવસોમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાયો છે. જો કે, હજુ પણ સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાઈ શકે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તેમજ આગામી 7 દિવસ સુધી હિટવેવની કોઈપણ પ્રકારની શક્યતા નથી.

### સરકારી નિયમોનું ઉલ્લંઘન અને વધુ ચાર્જ વસૂલવા બદલ કાયદેસરની કાર્યવાહી

## સમા વિસ્તારની હરિ ગેસ એજન્સીને પુરવઠા અધિકારીએ નોટિસ ફટકારી

(પ્રતિનિધિ) વડોદરા તા.17



વડોદરામાં ઘરેલું ગેસ સિલિન્ડરના વિતરણમાં કોઈ ગેરરીતિનું આચરણ ના થાય અને લોકોને સુચારુરૂપે જથ્થો મળતો રહે તે માટે વડોદરા શહેર અને જિલ્લામાં જિલ્લા પુરવઠા તંત્ર, મામલતદારશ્રીઓ અને પોલીસની ટીમ અનેક સ્થળો અને એકમોની આકસ્મિક તપાસ કરી રહી છે. જે અંતર્ગત આજે બપોર બાદ વડોદરા જિલ્લા પુરવઠા અધિકારી સુશ્રી ગીતાબેન દેસાઈ અને તેમની ટીમ દ્વારા શહેરના સમા વિસ્તારમાં આવેલી 'હરિ ગેસ એજન્સી' ખાતે આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન પ્રાથમિક તબક્કે ગેરરીતિઓ સામે આવી હતી. ગેસ એજન્સીના સંચાલકો દ્વારા સરકાર દ્વારા નિયત કરવામાં આવેલી વિતરણ વ્યવસ્થાનું ઉલ્લંઘન કરવામાં આવતું હતું. એજન્સી દ્વારા ગ્રાહકોને ઘરે બેઠા ગેસ સિલિન્ડર પહોંચાડવાને બદલે સીધું જ ગોડાઉન પરથી વિતરણ કરવામાં આવતું હતું અને ડિલિવરી ચાર્જ પણ વસૂલવામાં આવતો હતો. આમ, સરકારી નિયમોનું ઉલ્લંઘન અને ગ્રાહકો પાસેથી ગેરકાયદેસર રીતે વધારે નાણાંની વસૂલાત બદલ આ ગેસ એજન્સીને નોટિસ ફટકારી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવું અને સરકારી નિયમોનું પાલન કરાવવું એ પ્રાથમિકતા છે. આગામી સમયમાં પણ અન્ય એજન્સીઓ પર આવી તપાસ જારી રહેશે અને નિયમ ભંગ કરનાર સામે આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ કડક પગલાં ભરવામાં આવશે.

### નંદઘર નજીક હોવાથી માસૂમ બાળકોના જીવ જોખમાયા

## નવાયાર્ડ અર્બન હેલ્થ સેન્ટર પાસે બિનવારસી દવાઓનો જથ્થો મળ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.17



સંસ્કારી નગરી વડોદરામાં આરોગ્ય વિભાગની ગંભીર બેદરકારી સામે આવતા ચકચાર મચી ગઈ છે. શહેરના નવાયાર્ડ વિસ્તારમાં આવેલા વડોદરા મહાનગરપાલિકા સંચાલિત અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટરની બાજુમાં આવેલી ગલીમાંથી મોટી માત્રામાં બિનવારસી દવાઓનો જથ્થો મળી આવતા સ્થાનિકોમાં દોડધામ મચી ગઈ હતી. આ ઘટનાને પગલે સરકારી તંત્રની કામગીરી અને દવાઓના નિકાલની પદ્ધતિ સામે અનેક સવાલો ઉભા થયા છે. ઘટનાની વિગત એવી છે કે નવાયાર્ડ વિસ્તારમાં જ્યાં હેલ્થ સેન્ટર આવેલું છે, તેની એકદમ નજીકમાં જ નાના બાળકો માટેનું 'નંદઘર' આવેલું છે. અહીં દરરોજ મોટી સંખ્યામાં માસૂમ બાળકો રમવા અને ભણવા માટે આવતા હોય છે. આ નંદઘર પાસેની ગલીમાં જ સીરપ અને અન્ય દવાઓનો જથ્થો ખુલ્લેઆમ ફેંકી દેવામાં આવ્યો હતો. જો કોઈ બાળક અજાણતામાં આ સીરપ પી ગયું હોત કે દવા ગળી ગયું હોત, તો મોટી જાનહાનિ થવાની શક્યતા હતી. પ્રાથમિક તપાસમાં ચોંકાવનારી વિગત સામે આવી છે કે, આ દવાઓ હજુ વાપરવા લાયક હતી. ગલીમાંથી મળેલી દવાઓના પેકિંગ પર એક્સપાયરી ડેટ વર્ષ 2027 લખેલી જોવા મળી છે. આ દવાઓ ગુજરાત સરકાર દ્વારા અર્બન હેલ્થ સેન્ટરોને મફત વિતરણ માટે પૂરી પાડવામાં આવતી હોવાનું જાણવા મળ્યું છે. આમ, જે દવાઓ દર્દીઓના ઉપયોગ માટે હતી, તેને કયા કારણોસર ફેંકી દેવામાં આવી તે એક રહસ્ય બની ગયું છે. હાલમાં સ્થાનિકો દ્વારા આ મામલે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી છે અને માંગણી કરવામાં આવી છે કે આરોગ્ય કેન્દ્રના જવાબદાર અધિકારીઓ સામે કડક તપાસ કરવામાં આવે અને આ કૃત્ય કરનાર શખ્સોને શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.

### ૧૦ હજાર ચોરસમીટર જમીન R&Bને ફાળવાઇ

## ગોરવામાં સરકારી કચેરીઓ માટે ચોથું બહુમાળી ભવન બનશે

(પ્રતિનિધિ) વડોદરા તા.17

શહેરમાં કુબેર ભવન, નર્મદા ભવન અને પોલીસ ભવન બાદ હવે ચોથું બહુમાળી બનવા જઇ રહ્યું છે. કલેક્ટર તંત્ર દ્વારા સુભાનપુરાના સર્વે નંબરમાં ગોરવા ખાતે વિવિધ સરકારી કચેરીઓ માટે બહુમાળી ભવન બનાવવા માટે જમીનની ફાળવણી કરવામાં આવી છે.

હાલમાં શહેરમાં કોઠી વિસ્તારમાં આવેલા કુબેર ભવનમાં રજીસ્ટ્રાર કચેરી, તિજોરી કચેરી, આયોજન કચેરી, મહિલા અને બાળ કલ્યાણ કચેરી સહિતની કચેરીઓ બેસે છે. આ ઉપરાંત નર્મદા ભવનમાં મામલતદાર કચેરી, જનસેવા કેન્દ્ર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સહકાર, શ્રમ આયુક્ત, સિંચાઇ સહિતની કચેરીઓ કાર્યરત છે. જ્યારે, પોલીસ ભવનમાં પોલીસ ઉપરાંત અન્ય કચેરીઓ આવેલી છે.

ગંભીર બ્રિજની ઘટના બાદ કરવામાં આવેલા સુરક્ષા અન્વેષણના અહેવાલના આધારે કુબેર ભવન તથા નર્મદા ભવનમાં રિનોવેશનનું કાર્ય ચાલી રહ્યું હોવાથી આ બન્ને બહુમાળી ભવનમાં બેસતી કચેરીઓને કામચલાઉ ધોરણે અન્ય સ્થળોએ ખસેડવામાં આવી છે. પણ, શહેરમાં ત્રીજા બહુમાળી ભવનની જરૂરિયાતને ધ્યાને રાખીને કલેક્ટર તંત્ર દ્વારા ઉક્ત નિર્ણય લેવામાં આવ્યો છે.મહેસુલ તંત્ર દ્વારા ગોરવામાં સુભાનપરાના સર્વે નંબર ૧૦૮-અ અને ૧૧૧-અની ૧૦ હજાર ચોરસ મિટર જમીન ફાળવવામાં આવી છે. આ જમીનનો કબ્જો માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય)ની વડોદરા શહેરની કચેરીને આપવામાં આવ્યો છે. હવે, આ વિભાગ દ્વારા અહીં બહુમાળી ભવન નિર્માણ કરવાની નિયત કામગીરી હાથ ધરવામાં આવશે.

### અગ્રવાલ સીટ એન્ડ ફરસાણની દુકાનમાંથી 28 ગેસ સિલિન્ડર જપ્ત

## માણેજાની ફરસાણની દુકાનમાં LPG સિલિન્ડરના ગેરકાયદે સંગ્રહનો પર્દાફાશ

(પ્રતિનિધિ) વડોદરા તા.17



વડોદરા શહેરનાં મકરપુરા વિસ્તારમાં ફરસાણની દુકાનમાં રેડ કરીને પોલીસે ગેરકાયદે એલપીજી ગેસ સિલિન્ડરનો સંગ્રહ કરી કાળાબજારી કરતા એક શખ્સને દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો. તેની પાસેથી 28 ગેસના બોટલ સહિતનો મુદામાલ કબ્જે કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. પશ્ચિમ એશિયાના દેશોમાં ચાલી રહેલી તણાવપૂર્ણ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગેસ જેવી જીવન જરૂરીયાતની વસ્તુઓની અછત ન સર્જાય તે માટે ઉચ્ચ અધિકારીઓ ગેરકાયદે ગેસના બોટલની કાળા બજારીઓ ઉપર સતત વોચ રાખવા સાથે કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવી હતી. જેને લઈ મકરપુરા પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગ વિસ્તારમાં ફરતો હતો. તે દરમિયાન બાતમી મળી કે માણેજા ક્રોસિંગ પાસે આવેલી અગ્રવાલ સ્વીટ એન્ડ નાસ્તા નામની દુકાનમાં ભવાનીશંકર ઉર્ફે ભોલો અગ્રવાલ નામનો શખ્સ લાયસન્સ વગર એલપીજી ગેસ સિલિન્ડર નો ગેરકાયદે સંગ્રહ કરી કાળાબજારી કરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસ ટીમે સ્થળ પર દરોડો પાડી તપાસ હાથ ધરી હતી. દરમ્યાન દુકાનમાંથી વિવિધ કંપનીના એલપીજી ગેસના સિલિન્ડર મળી આવ્યા હતા.

આરોપી પાસે બોટલ ના કોઈ પણ પ્રકારના બિલ કે કાગળો માંગવા છતાં ભવાનીશંકર પુરાવા ન હોવાના કારણે રજૂ કરી શક્યો ન હતો. પોલીસે તેની પાસેથી 10 ભરેલા અને 18 ખાલી મળી 28 સિલિન્ડર રૂપિયા 66 હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. મકરપુરા પોલીસે આરોપી ભવાનીશંકર ઉર્ફે ભોલ વિશ્વંભરદયાલ અગ્રવાલ ( રહે-પંચરત્ન સોસાયટી, માણેજા, વડોદરા) ની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.